ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૪
અંક : ૧૧

**જીવનના સાત પગલા**

**૧. જન્મ :** એક અણમોલ સોગાદ છે, જે ભગવાનની ભેટ છે.

**૨. બચપન** : મમતાનો દરિયો છે, જે પ્રેમથી ભરિયો છે.

**૩. તરૂણાવસ્થા :** કંઈ વિચારો, કંઈ આશાઓનો પહાડ છે, મેળવવાની અનહદ આશ છે.

**૪. યુવાવસ્થા :** બંધ આંખોનું સાહસ છે, જોશ છે. ઝનુન છે.

**૫. પ્રૌઢાવસ્થા :** ખુદને માટે કંઈ ન કરી શકતાં મેળવીને આપવાની પણ ખુશી છે, કુટુંબ માટે કુરબાન થવાની જીજીવિશા

**૬. ઘડપણ :** વિતેલા જીવનનો સરવાળો છે, મારા આપણાનો વહેવાર છે, જેવુ વાવ્યું હતું તેવું લણવાનો સમય છે.

**૭. મરણ :** જીંદગીની કિતાબ ખુલશે, નાડીએ નાડીએ કર્મ તુટશે પાપ–પુણ્યનો મર્મ ખુલશે, કર્મ–ધર્મનો હિસાબ થશે, સ્વર્ગ–નર્કનો માર્ગ થશે, પોતાનાનો પ્યાર છુટશે.

*જો તમે મગજને શાંત રાખી શકતા હશો તો તમે જગતને જીતી શકશો.* — **ગુરુનાનક**

## I Love My India

અમેરીકાના ૩૮% ડોકટરો ભારતીય છે.

અમેરીકાના ૧૨% વૈજ્ઞાનિકો ભારતીય છે.

અમેરીકાના ૩૮% નાસાના વૈજ્ઞાનિકો ભારતીય છે.

અમેરીકાના ૩૪% માઈક્રોસોફ્ટ કર્મચારીઓ ભારતીય છે.

અમેરીકાના ૧૭% ઈન્ટેલ ના કર્મચારીઓ ભારતીય છે.

અમેરીકાના ૨૮% આઈ.બી.એમ.ના કર્મચારીઓ ભારતીય છે.

ભારત મહાન છે. પણ ભારતીય મહાન નથી. વિચારો જો આ બધા લોકો ભારત માટે કામ કરે તો ભારત કેટલી પ્રગતિ કરે? ભારતીય હોવા નું ગર્વ અનુભવો અને ભારત માટે કાંઈક કરી છુટવાની તમન્ના રાખો.

*હંમેશા હસતા રહેવાથી અને ખુશનુમા રહેવાથી,પ્રાર્થના કરતાં પણ વધારે જલદી ઈશ્વરની નજીક પહોંચાય છે.*

— **સ્વામી વિવેકાનંદ**

**સાચુ બોલવાની પણ એક રીત હોય છે. તે એવી રીતે બોલાવું જોઈએ કે તે અપ્રિય ન બને.**

## અહમની બાદબાકી

જીવનમાં શાંતિ અને સુખ પ્રાપ્ત કરવા માટે માનવ અથાક પ્રયત્નો કરે છે. અને આખુ જીવન તે માટે વ્યતીત કરી નાખે છે. ખરું સુખ શેમાં છે એ સમજવામાં એ જીવનનો બહુ ઓછો સમય ખર્ચે છે. દેખીતુ સુખ અને શાંતિ પ્રાપ્તિ કરવા માટે મોટે ભાગે તે ઉંધુ જોઈને જીવન વીતાવી દે છે. પછી મોડે મોડે તેને સમજાય છે કે તેની પ્રવૃતિ વધુ ઉતાવળી અને પુખ્ત વિચાર કરવામાં કચાશવાળી હતી. સાચુ સુખ અને શાંતિ એ પણ આખરે તો સત્યના પર્યાય શબ્દો જ છે. ઈશ્વરના કે પરમ સત્યના સાનિધ્યમાં જ સાચું સુખ અને શાંતિ સંભવી શકે. ઈશ્વર અને માનવની વચ્ચે જો કોઈ મોટી ખાઈ હોય તો તે તેનો અહંકાર છે. આ અનંત વિશ્વમાં અહમ તો એક અતિ અલ્પ પરમાણુ સમાન છે. માનવને વિરાટની ઝાંખી કરવી હોય તો અહમને વિરાટના ચરણારવિંદ વિલીન કર્યે જ છુટકો છે. પણ માનવ એ અહંતત્વને સુખ અને શાંતિની શોધમાં ભુલતો નથી. ઉલટાનો તે નીજી અહંતત્વનું સ્વરુપ મોટુ ને મોટું કરતો સુખ અને શાંતિની શોધમાં ભટકયા કરે છે, અને સાચાં સુખ અને શાંતિથી તે દુરસુદુર નીકળી જાય છે. માનવ સુખશાંતિની શોધમાં મોટરગાડી, બંગલા, અઢળક સંપતિ વગેરે એકઠું કરતો જ જાય છે, અને પોતાના અહમને પોષતો તેનું કદ વધાર્યે જ જાય છે. આ પ્રમાણે એ સાચાં સુખશાંતિ અને પોતાની વચ્ચેની અહમની ખાઈ મોટીને મોટી જ કરતો જ જાય છે. પરીણામે પરમ સત્યથી તે વધારે ને વધારે દુર નીકળી જાય છે.જેની તેને તીવ્ર ઈચ્છા છે એ ધ્યેયની પ્રાપ્તિની વિરુધ્ધની દિશામાં તે ખુબ જ પ્રવૃતિમય રહે છે. માટે માનવ જે કાંઈ પણ કાર્ય કરે, જેનાથી સુખ અને શાંતિ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે, તે સર્વ કાર્ય તેના અહમને વધારે છે કે તેનું વજન હળવું કરે છે, તેની ચકાસણી તેણે સતત કર્યા કરવી જોઈએ. તેના સુખ અને શાંતિમાં વૃધ્ધિ થતાંની સાથે અહમનું વજન ઓછુ થતું જણાય તો તે સાચાં સુખ અને શાંતિને ખરેખર મેળવી રહયો છે અને સત્ય કે ઈશ્વરની વધારે નજીક જઈ રહયો છે એમ તેણે જાણવુ. સત્યની મંઝીલે પહોચવામાં તેણે કેટલી મજલ કાપી છે, તેની પારાશીશી તેણે અહમનો ભાર કેટલો હળવો કર્યો છે તેના ઉપર આધાર રાખે છે. જયારે અહમ શુન્ય બને છે ત્યારે તેનું સ્વત્વ પરમ સત્યમાં વીલીન થઈ જાય છે, તેની નિર્મળ દ્દષ્ટી અનંતતાને આવરી લે છે અને સત્યને પોતાના હૃદયમંદીરમાં સમાવી લે છે.

(આત્મ તત્વના આરાધક શ્રી ચંદ્રકાંત દેસાઈએ પોતાના ચિંતનાત્મક લેખો ખુબજ અભ્યાસપૂર્ણ અને પ્રેરક રહયા છે તેમના પુસ્તક "આંતર્ધ્વની" માંથી ઉપરોકત લેખ સાભાર રજુ કરેલ છે.)

**બધે જ ગુણની પૂજા થાય છે, સંપત્તિની નહિ.**

**સ્વસહાય જુથ**

અમરેલી જીલ્લાના ખાંભા વિસ્તારમા ૨૩ ગામોમાં હરિરાજ સંસ્થા દ્વારા આ વિસ્તારના લોકોની આજીવિકાના વિકલ્પો માટેની જરૂરિયાતને ધ્યાનમાં લઈ નાના સમુહો દ્વારા તેમને સંગઠિત કરવાની પ્રવૃતિઓ શરૂ થઈ. ફળસ્વરુપે ૧૦૦ સ્વસહાય જુથો બન્યા.

સંસ્થા તેમજ નાબાર્ડના અધિકારીઓ દ્વારા યોજાતી અવારનવાર મુલાકાતો અને જૂથના સભ્યો સાથે નિયમિત સંપર્ક કરી તેમને આંતરિક ધિરાણ તેમજ લોન અંગેનું જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે.

શ્રીજી બચત મંડળ અને પ્રજાપતિ બચત મંડળ છેલ્લા ત્રણ વર્ષથી કાર્યરત છે. બંને મંડળોની કામગીરી ખૂબ જ ઉત્કૃષ્ટ રીતે ચાલી રહી છે. બંને મંડળો સહયારી નીતિ દ્વારા કોઈપણ જાતના વિખવાદ વિના ચાલી રહયા છે. બચતની સાથે આંતરિક ધિરાણ પણ આ મંડળો કરી રહયા છે. નિયમિત રીતે બચત હપ્તાઓ, લીધેલ લોનનું નિયમિત રીતે ચુકવણું પણ આ બંને મંડળો કરી રહયા છે. શ્રીજી જુથના સભ્યો આયુર્વેદિક દવાઓનું ઉત્પાદન અને વેચાણ તથા સમીયાણાનો વ્યવસાય કરે છે. પ્રજાપતિ જુથના સભ્યો બ્યુટી પાર્લર અને સીવણ પ્રવૃતિઓ કરે છે. તાજેતરમાં હરિરાજ સંસ્થા દ્વારા તથા નાબાર્ડના અધિકારીશ્રીઓએ સંગઠનની બેઠકમાં આ બંને મંડળોની કામગીરીને અધિકારીઓ દ્વારા બિરદાવવામાં આવી હતી અને ઉત્કૃષ્ટ મંડળ તરીકે પુરસ્કૃત કરેલ છે.





**અભિમાનથી માનવી ફુલાઈ શકે છે, ફેલાઈ શકતો નથી.**

## રવિ પાક નિદર્શન

ગુજરાત રાજયમાં ભારત દેશનો સૌથી મોટો દરિયા કિનારો આવેલો છે. દરિયા કિનારે ઘણા શહેરો તેમજ ગામડાઓ વસવાટ કરી રહયા છે. આ બધા ખારાશ ઝોનમાં વસતા લોકોનો મુખ્યત્વે વ્યવસાય ખેતી છે. પરંતુ ખારાશને લીધે લોકો પુરતું પાક ઉત્પાદન લઈ શકતા નથી. દરિયાઈ કાંઠા વિસ્તારની ખારાશ દૂર કરીને ખેડૂતો વધુ પાક ઉત્પાદન મેંળવી શકે તે માટે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અને દરિયાઈ ખારાશ નિયંત્રણ સેલ સાથે મળીને જાફરાબાદ, સુત્રાપાડા, વેરાવળ અને ઉના તાલુકામા કામગીરી હાથ ધરી છે.છેલ્લા ૮ મહિનાથી સંસ્થા આ કામગીરી કરી રહી છે. તાલુકામાં કપાસ અને મગફળીના પાકનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જેનું પરિણામ સારૂ મળ્યું હતું. પરંતુ આ વર્ષે દુષ્કાળને લીધે મોટાભાગનો પાક બળી ગયો હતો. ખરીફ પાક બાદ રવિ પાકનું પણ નિદર્શન કરવામાં આવનાર છે. જેમાં મુખ્યત્વે ઘઉં, જુવાર અને બાજરીના પાક ઉપર નિદર્શન કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત રવિ પાક માટે જાફરાબાદ, ઉના અને વેરાવળ તાલુકાના ગામોનાં ખેડૂતોની પસંદગી કરવામાં આવી છે. પસંદ થયેલા ખેડૂતોને નિદર્શન માટે ઓછા પીયતથી પાકતા ઘઉનું બિયારણ (KRL-210 અને હર્ષિતા) મેળવી પુરૂ પાડવા તથા તેની માવજત સંબંધી વ્યવસ્થા હાથ ધરાયેલ છે. જાફરાબાદ તાલુકાના ૫ ગામમાંથી ૬ ખેડૂતો, વેરાવળ તાલુકાના ૪ ગામમાંથી ૫ ખેડૂતો તેમજ ઉના તાલુકાના ૪ ગામમાંથી ૫ ખેડૂતો પસંદ થયેલા છે. ત્રણેય તાલુકાના કુલ ૧૩ ગામોમાથી ૧૬ ખેડૂતોના પાક પર નિદર્શન કરવામાં આવશે. સંસ્થાના ખેતીવાડી અધિકારી તેમજ ફીલ્ડ સ્કાઉટ અવાર નવાર તેમના ખેતરની મુલાકાત લઈને વધુ પાક આવે તેવું જરૂરી અને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડશે પાક વાવેતરથી લણણી સુધી તેના પાકની દેખરેખ રાખવામાં આવશે. તેમજ ખેડૂતો વધુ પાક ઉત્પાદન લઈ શકે તેવા પ્રયત્નો કરવામાં આવશે.

ઉપરોકત બાબતોના આયોજન માટે તેમજ અગાઉ થયેલ કામગીરીની સમીક્ષા માટે કોસ્ટલ સેલીનીટી પ્રિવેન્શન સેલ દ્વારા તા.૯/૧૧/૧૨ ના રોજ અંધજન મંડળ અમદાવાદ મુકામે મીટીંગ મળી હતી. જેમા સહભાગી સંસ્થાનાં ખેતીવાડી અધિકારીઓએ ભાગ લીધો હતો. મીટીંગની શરુઆત સ્વાગતથી થઈ. ડાૅ. પટેલ સાહેબે નિદર્શનના પ્રકાર પર ચર્ચા કરી હતી. જેમા ડેમોના બે પ્રકાર હોય છે.

**મેથડ ડેમો :**

દવાની રીત બતાવવી, દવા બનાવવી, દવાનો છંટકાવ, આમ કોઈ મેથડ(રીત)નો ઉપયોગ કરાવવો.

**સુંદર સત્યને થોડા શબ્દોમાં કહો પણ કુરૂપ સત્ય માટે કોઈ શબ્દ ન વાપરો.**

**રીઝલ્ટ ડેમો :**
પાણીનો વપરાશ ઘટાડવો, ઉપજમા વધારો, ખાતર તથા દવાનો ઓછો ઉપયોગ, પી.ઓ.પી. દ્વારા ખેતી પધ્ધતિ અપનાવી રીઝલ્ટ મેળવવું.

**મેથડ ડેમોની ઉપયોગીતા :**
નવા ટુલ્સ, બીજ માવજત, દવા છાંટવી, કલમ કરવી વગેરેમાં ઉપયોગી છે. મેથડ ડેમોમા કયા પરીબળો અસર કરે : ખેડુતની માનસીકતા, નવી વસ્તુ પોસાઈ તેવી, સામાજીક સ્વીકૃતિ.
ખેડુત કેવો હોવો જોઈએ : કો ઓપરેટીવ, નિદર્શન પ્લોટમાં રસ, શિક્ષિત, નવી પધ્ધતિ સમજી સ્વીકારી શકે, હાર્ડવર્કર, લીડર.

**શું ધ્યાનમા રાખવું :**
સીડ ટ્રીટમેન્ટ તથા વાવણી સમયે હાજરી, પ્રથમ આપણે મેથડ અપનાવવી, ગામની નજીક પિયત વાળી જમીન, સાદી ભાષા વાપરવી, પ્રક્રિયા કર્યા બાદ આજુ બાજુ તથા હાજર ખેડુતોને પુછવું કે પ્રક્રિયા કરવામાં તમને રસ છે રસ ધારકોનું લીસ્ટ બનાવવુ, રીઝલ્ટ ડેમોમાં ફોલોઅપ કરવુ, સારૂ રીઝલ્ટ મળે તો સ્ટોરી બનાવવી.

**રીઝલ્ટ ડેમોમાં શું ધ્યાનમાં રાખવું :**
ચાલુ કરતા નવી પધ્ધતિના ફાયદા, કંઈ દવા કેટલું ખાતર આપ્યું તેના રેકર્ડ રાખવા, બંને પાક વચ્ચે તફાવત, પ્લોટ સાઈઝ ૧ એકર, પાણીની સગવડતા, શકય એટલું ગામની નજીક, એક જ ખેતરમા બંન્ને પ્લોટ, બંન્ને પ્લોટમા સરખા પાક

**ઈવોલ્યુએશન :**
બંનેના ઉત્પાદન અને ખર્ચના આકડા રાખવા, સારા ડેમો પર ખેડૂત મીટીંગ કરવી, સફળ વાર્તા બનાવવી, ઈનપુટ પહેલેથી આપી દેવા.

આયોજન :
રવિ પાકમા કેટલા અને કેવા પ્રકારના ડેમો કરવાના તેનુ આયોજન કરવામા આવ્યુ. આયોજન બાદ પસંદ થયેલા પાકોની પી.ઓ.પી.નુ પ્રેઝન્ટેશન બતાવ્યુ. જેમા બીજ માવજત, બીજદર, વાવણી અંતર, પાયાનુ ખાતર, પુર્તી ખાતર, રોગ અને જીવાત માવજત વગેરેની સમજ મળી.

**ખેડુત મંડળો :**
ખેડુત મંડળોને આત્મા અથવા નાબાર્ડ સાથે જોડાણ કરવા અને પ્રવૃતિમય બનાવવા. આ વર્ષ ઘાસચારાની અછત હોવાથી આ મંડળો તે માટે આયોજન કરે ભવિષ્યમાં આવી પરિસ્થિતિને પહોંચી વળવાના ઉપાયો હાથવગા હોય. સરકાર તથા અન્ય એજન્સીઓ દ્વારા ચાલતી આ પ્રકારની પ્રવૃતિઓનું ખેડૂત મંડળોએ સંકલન કરી તેને નિરંતર બનાવવાનું કાર્ય હાથ ધરી શકે તે માટે ક્ષમતા કેળવવી જરૂરી બને છે.

*જેની પાસે ધૈર્ય છે અને જે મહેનતથી ગભરાતો નથી; સફળતા તેની દાસી છે.*

## એકલનારી શકિતમંચ ગુજરાત

એકલનારી શકિતમંચ ગુજરાતમાં ગુજરાતના ૧૩ જીલ્લાઓમાં કાર્ય કરી રહયું છે. જેના ઉદ્દેશ્યો એકલ મહિલાઓને મુદ્દે સમાજ અને સરકારને જાગૃત અને સંવેદનશીલ બનાવવા, મહિલાઓને જાગૃત કરી સંગઠિત કરવી, એકલ મહિલાના મુદ્દે સરકાર સાથે લોકપેરવી કરવી. આ મંચ અમરેલી જીલ્લામાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર સાથે કામગીરી કરી રહયું છે. આ અભિયાનના આયોજન સબબ રાષ્ટ્રીય એકલનારી અધિકાર મંચ દ્વારા તા.૧લી અને ૨જી નવેમ્બરના રોજ દિલ્હી ખાતે મીટીંગ યોજાઈ હતી. જેમાં જીલ્લા એકલનારી મંચના ફેલો શ્રી વિજયાબેન કુકવાવે બે દિવસની મીટીંગમાં દિલ્હી ખાતે હાજરી આપી હતી. ૭ રાજયોમાં ચાલતા એકલનારી અધિકાર મંચના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી અગાઉ થયેલી કામગીરીની સમીક્ષા કરી હતી. આ મીટીંગમાં એકલનારી અધિકાર અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

એકલનારી શકિતમંચ ગુજરાત અંતર્ગત અમરેલી જીલ્લાના ખાભા તાલુકાના ૨૦ ગામો પસંદ કરવામા આવ્યાં છે. આ કાર્યક્રમ અંતર્ગત એકલી રહેતી મહિલાઓ પર એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં એકલ મહિલાઓની પરિસ્થિતિ હાલમાં કેવી છે? હાલમાં તે શું પ્રવૃતિ/વ્યવસાય કરે છે? તેની રોજગારીના સાધનો તથા બાળકોની સંખ્યા તેમજ બાળકોની સ્થિતી વગેરે બાબતો વિશે માહિતી મેળવવામાં આવી છે.

આ કાર્યક્રમ અંતર્ગત ખાંભાના ૨૦ ગામમાં રહેતી એકલ મહિલાઓની મુલાકાત લઈ સરકાર તથા સમાજ દ્વારા તેમને મળતી મદદો તથા યોજનાઓ વિશે તેમને જાણકારી આપવામાં આવે છે.

જુંબેશના ભાગરૂપ ૨૫ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર દરમ્યાન પોસ્ટર લગાવવા, પત્રિકા તથા અન્ય પ્રકાશનોની વહેંચણી, એકલનારી મુલાકાત, મીટીંગ, વકતવ્ય (પીએનડીટી, ડીવીએ, જેન્ડર અને અધિકારો) તેમજ સ્વસહાયજુથોની બહેનો સાથે આ બાબતને લઈ સ્થાનિક સહયોગ મળી રહે તેવા હેતુથી મીટીંગો યોજવામાં આવી રહી છે.

અમરેલી ખાતે એકલ બહેનોની કાર્યશાળા રાખવામાં આવી છે જેમાં તેઓની સાથે જરૂરી સંવાદ રચી તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવાનો આશય છે તેમજ તેઓ ને પોતાને નડતી સમસ્યાઓના ઉકેલ મેળવી કે તે પ્રકારે સંગઠીત થઈ કાર્ય કરી શકે અને આગામી કાર્યો નક્કી કરી શકે તેવુ આયોજન છે. માનવ અધિકાર અભિયાનના ભાગરૂપે ખાંભા મુકામે એક રેલી યોજી લોકોને એકલ બહેનોની મુશ્કેલીઓથી અવગત કરાવવાનુ પણ આયોજન કરેલ છે.

**શું ભુલવું અને શું યાદ રાખવું, એ નકકી કરવું મુશ્કેલ છે.**

## બાળ અધિકાર દિન વિશેષ

બાળકો રાષ્ટ્રની અમુલ્ય શકિત છે, તેની સાચી દિશામાં વાળવી એ અંત્યત જરૂરી છે. આ બાળ શકિતનો અર્થસભર, રસપૂર્ણ તથા શૈક્ષિણક કાર્ય માટે ઉપયોગ કરવો, એ વિશેષ આવડત તથા કુશળતા માંગી લે છે. બાળકોની સ્થિતિ સુધારવામાં માત્ર આર્થિક સમૃઘ્ધિ પૂરતી નથી દેશમાં સૌ પહેલીવાર તૈયાર કરાયેલા બાળ અધિકાર ઈન્ડેકસનો કદાચ આ સૌથી મોટો પૈગામ છે. એક બિન સરકારી સંગઠનના આ પ્રયાસથી ભારતમાં બાળ અધિકારોની સ્થિતિ સમજવા અને તેમને સંરક્ષણ અને પ્રોત્સાહન આપવાના કેટલાક ઉપયોગી સંકેતો મળે છે. ઈન્ડેકસ બાળકોના કલ્યાણ સાથે જોડાયેલા તમામ પાસાઓને ઘ્યાનમાં રાખીને તૈયાર કરાયો છે. તેમાં બાળકોની સ્થિતિથી માંડીને ઉભરેલી પ્રાદેશિક વલણ પ્રત્યે ઘ્યાન આપવું જરૂરી છે. ઈન્ડેકસમાં સૌથી આગળ રહેનારા પાંચ રાજયોમાં ચાર દક્ષિણનાં છે, જયારે સૌથી નીચેનાં પાંચ ક્રમે પૂર્વોત્તરનાં રાજયો આવ્યાં છે. વાસ્તવમાં આદિવાસી રાજયોમાં આરોગ્ય અને શિક્ષણના મામલે બાળકોની હાલત સૌથી નબળી છે. એટલે આ રાજયો નીચલા ક્રમે હોય એમાં કોઈ આશ્ચર્ય નથી. બાળ અધિકારોનું સંરક્ષણ થઈ શકે એ માટેની પહેલી શરત બાળકોને કુપોષણથી બચાવવા, તેમના આરોગ્ય સંભાળ ની વધુ સારી વ્યવસ્થા અને તેમના શિક્ષણ માટેની યોગ્ય વ્યવસ્થા કરવાની બાબત છે. જો આ શકય થઈ શકે બાળમજુરી કે બાળ જાતીય શોષણ જેવી સમસ્યાઓથી છુટકારો મેળવવાનો માર્ગ આપોઆપ તૈયાર થઈ શકે છે. પરંતુ આ બધી કામગીરી રાજકોષમાં વધુ નાણાં આવવાથી કે કેટલાક ખાસ પાસાઓની સમૃઘ્ધિ થઈ શકે નહી. તેને માટે જાહેર નીતિઓ અને કાર્યક્રમોના સ્તરે નકકર પ્રયાસો કરવાની જરૂર છે. આ રીપોર્ટ એ સમયે લાવવામાં આવ્યો છે, જયારે ૧૨મી પંચવર્ષીય યોજનાને અંતિમ સ્વરૂપ આપવાની કામગીરી ચાલી રહી છે. જો યોજનાના ઘડનારાઓ અને સરકાર તેનાં તારણો પ્રત્યે ઘ્યાન આપે તો બાળ અધિકારો માટે અનુકુળ સ્થિતિ સર્જવાનો માર્ગ ખુલ્લો થઈ શકે છે.

ગરીબ પરીવારો ઘણીવાર પોતાના અસ્તિત્વ માટે પોતાના બાળકોની મજુરી પર આધાર રાખે છે, અને ઘણીવાર તે તેમના માટે આવકનો એકમાત્ર સ્ત્રોત બની જાય છે. આ પ્રકારના કામ હંમેશા ઔદ્યોગીક ક્ષેત્રમાં આવતા નહી હોવાથી છુપા રહે છે. બાળક કામદારને ગુજરાનલક્ષી ખેતી અને શહેરી બિનઔપચારીક ક્ષેત્રમાં કામે રાખવામાં આવે છે. બાળકોને ફાયદો થાય તે માટે બાળ કામદાર પ્રતિબંધે તેમને ટૂંકા ગાળાની આવક અને લાંબા ગાળાનું ભવિષ્ય એમ બેવડા પડકારો પર ઘ્યાન કેન્દ્રિત કરવું પડશે. કેટલાક યુવા હકક જૂથો જોકે એવી લાગણી અનુભવે છે કે ચોકકસ વયની નીચે કામ પર પ્રતિબંધ લાદવાથી માનવહક્કોનું ઉલ્લંઘન થાય છે. બાળ વિકલ્પોમાં ઘટાડો કરે છે અને તેમને નાણાંની લાલસા પાછળ ધકેલી દેવામાં આવે છે.

**પૂનમના ચંદ્ર કરતાં બીજનો ક્ષીણ ચંદ્ર જ વંદનીય**

## Engage on this month

- 1-2 Meeting on planning of campaign for single women
- 6 MIS Center visit at Jafrabad
- 9 Ravi planing meeting at CSPC Amdavad
- 27 Meeting of State level forum for FPOs

## Happy birthday

| | | |
|---|---|---|
| 1 | Chaitanya Trivedi | 08-12-1968 |
| 2 | Hetal Gosai | 08-12-1977 |
| 3 | Rupesh Mehta | 08-12-1978 |
| 4 | Nita Nimavat | 14-12-1978 |
| 5 | Paresh Parmar | 20-12-1981 |
| 6 | Birla Kondhia | 24-12-1974 |

## પ્રિય વાચક મિત્રો,

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે. **– ટપક ટીમ**

મન પંચરંગી છે. ક્ષણે ક્ષણે તેના રંગ બદલાય છે.એક જ રંગના રંગાયેલા કોઈ વિરલા જ હોય છે. **– કબીર**

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMR-91/RNP/2012**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**કોઈપણ વ્યકિત અયોગ્ય હોતી નથી ફકત તેને પારખવાની દ્રષ્ટિ હોવી જરૂરી છે.**